# શિક્ષણમાં વેબ 2.0 નો વિનિયોગ

**અહમદઅલી એન.ખણુશીયા**
એમ.ફિલ. વિદ્યાર્થી, ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર
મો.નં : ૯૪૨૬૫ ૨૩૦૭૯ E–Mail: khanusiyaa777@gmail.com

શિક્ષણને અસરકારક બનાવવા માટે શિક્ષકો દ્વારા ટેકનોલોજીનો શિક્ષણમાં બહોળો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ટેકનોલોજી જૂની શિક્ષણ પદ્ધતિ સાથે એક ખુબ જ સારો પુરક સાબિત થઈ છે. વર્તમાન સમયમાં તો વળી આખું શિક્ષણ જ અમુક સમય માટે ટેકનોલોજીના આશરે જતું રહ્યું હોય એવું છે. આપણે જ્યારે શિક્ષણમાં ટેકનોલોજીની વાત કરીએ તો આપણે મોટે ભાગે વેબસાઇટ્સની જ વાત કરતા હોઈએ છીએ. પરંતુ હકીકતમાં વેબસાઈટ્સમાં પણ વેબ 1.0 અને વેબ 2.0 જેવી આવૃત્તિ હોય છે – જો કે તે વિષે ઘણા લોકો અજાણ પણ હશે. વેબ 1.0 એ ઈન્ટરનેટનું 'રીડ ઓન્લી' પાસું છે, જેમાં વપરાશકર્તા ફક્ત માહીતી વાંચી કે જોઈ શકે છે, અને બહુ મર્યાદિતપણે માહિતીની આપ–લે કરી શકે છે. આ એક એવું પાસું છે જયાં વપરાશકર્તા પોતે નિષ્ક્રિય રહીને માહીતી તો મેળવી શકે છે, પણ તેને રીવ્યુ, કમેન્ટ કે ફીડબેક આપવાની તક મળતી નથી.

વેબ 2.0 એ ઈન્ટરનેટનું 'રાઈટેબલ' પાસું છે, જેમાં સાઈટ અને વપરાશકર્તા વચ્ચે પરસ્પર માહિતીની આપ–લે થાય છે. યુટ્યુબ, વિકિ, ફલિકર, ફેસબૂક વગેરે વેબ 2.0 નાં કેટલાંક ઉદાહરણ છે. આ લેખમાં આપણે વેબ 2.0 એટલે શું, તેના કેટલાક ટુલ્સ વિષે અને તેનાથી શિક્ષણમાં કઈ રીતે ફાયદો પહોંચે છે તે વિષે માહિતી મેળવવાનો પ્રયાસ કરીશું.

### વેબ 2.0 એટલે શું?

વેબ 2.0 શબ્દનો ઉપયોગ પ્રથમ વખત ડેલ ડોહેર્ટી દ્વારા વર્ષ ૨૦૦૩માં કરવામાં આવ્યો હતો, જેમાં તેમણે વેબ 2.0 ને ઇન્ટરનેટનું નવું સોપાન કહ્યું હતું.

વેબ 2.0 નાં ઉદાહરણોમાં વેબ આધારિત સમૂહ, હોસ્ટ સેવાઓ, વેબ પ્રોગ્રામ્સ, સોશિયલ નેટવર્કિંગ સાઇટ્સ, વિડિઓ શેરિંગ સાઇટ્સ, વિકી, બ્લોગ્સ વગેરેનો સમાવેશ થાય છે. વેબ 2.0 સાઇટ્સ તેના વપરાશકર્તાઓને વેબસાઇટની સામગ્રી અન્ય વપરાશકર્તાઓ સાથે જોવા અથવા શેર કરવાની મંજૂરી આપે છે.

### વેબ 2.0ના ટુલ્સ:

વેબ 2.0ના કેટલાય ટુલ્સ ઉપલબ્ધ છે, પરંતુ જેનો શિક્ષણમાં ઉપયોગમાં થઈ શકે તેવા અમુક ટુલ્સની આપણે માહિતી મેળવવાનો પ્રયાસ કરીશું.

**1) વિકિપીડિયા:**

વિકિપીડિયા શબ્દથી તો બધા વાકેફ જ હશે. વિકિપીડિયાની શરૂઆત વિકિમીડિયા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી છે. વિકિપીડિયા શબ્દ હવાઈયન ભાષાના શબ્દ વિકિ (wiki)–કે જેનો અર્થ ત્વરિત કે ઝડપી એવો થાય છે તેના પરથી વિકિ, અને અંગ્રેજી ભાષામાં જ્ઞાનકોશ માટેના શબ્દ એન્સાઈક્લોપીડિયા પરથી પીડિયા શબ્દ મળીને વિકિપીડિયા શબ્દ બનેલો છે. જેની શરૂઆત ઈ.સ. 2001માં જિમી વેલ્સ અને લૈરી સંગેર દ્વારા કરવામા આવી હતી. જ્યારે કોઈપણ વિષય પર માહિતી મેળવવાની વાત આવે ત્યારે પહેલી પસંદગી વિકિપીડિયાની જ કરવામાં આવે છે.

સરળ શબ્દોમાં કહીએ તો, વિકિપીડિયા એટલે ઈન્ટરનેટ પર રહેલી બધી માહિતીને લોકો દ્વારા એકઠી કરીને એક જ જગ્યાએ સુલભ કરી આપનાર પ્લેટફોર્મ. તેમાં મોટાભાગના વિષયો આવરી લેવામાં આવેલા હોય છે, અને તેમનાં વિષે ટૂંકમાં માહિતી આપેલી હોય છે. અને અંતમાં વધારે માહિતી મેળવવી હોય તો તે માટે સંદર્ભ પણ આપેલા હોય છે. વિકિપીડિયા મોટે ભાગે સ્વયંસેવકો દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતી પર આધારિત હોય છે, અને તેના પર મુકેલ માહિતીનો કોઈ પણ વ્યક્તિ ઉપયોગ કરી શકે છે.

**2) બ્લોગ્સ:**

બ્લોગ વેબલોગ શબ્દનું ટૂંકુ રૂપ છે, જે સામાન્યપણે ઉપયોગકર્તા માણસ કે સંસ્થા દ્વારા નિયમિતપણે ટિપ્પણીઓ, ઘટનાઓનું વર્ણન કે પછી અન્ય પરિસ્થિતિ માટે જાહેરાત કે ટિપ્પણી કરવા માટે ઉપયોગમાં લેવાય છે.

બ્લોગ વિષયવસ્તુને અનુલક્ષીને અલગ અલગ ભાગમાં વહેંચવામાં આવે છે – જેમાં શિક્ષણ, રાજકીય, આર્થિક, સામાજિક, ધાર્મિક, રમતગમત, વગેરેનો સમાવેશ થાય છે. બ્લોગ વ્યક્તિ દ્વારા એમની વ્યક્તિગત ડાયરીની ગરજ સારે છે, જ્યારે સંસ્થા માટે નોટીસ બોર્ડની ગરજ સારે છે.

**3) ટીચર ટ્યુબ:**

ટીચર ટ્યુબ એ યુ ટ્યુબ જેવી જ વીડિઓ શેરીંગ વેબસાઈટ છે. ટીચર ટ્યુબ એ એડમ અને જેસન સ્મિથના વિચારોની ઊપજ છે. આ વેબસાઈટનો મુખ્ય હેતુ શિક્ષણ વ્યવસાય સાથે જોડાયેલ લોકો ખાસ કરીને શિક્ષકો તેમની અધ્યાપન સામગ્રીને શેર કરી શકે છે, ટીચર ટ્યુબનાં વીડિઓ જોઈ શકાય છે અને અપલોડ પણ કરી શકાય છે અને ટીચર ટ્યુબમાં વીડિઓ, ઓડિઓ, ડોક્યુમેન્ટ (વર્ડ, એક્સલ, પાવરપોઈન્ટ, પીડીએફ વગેરે), ફોટોગ્રાફ્સ, ગૃપ અને ચેનલ વગેરે શેરીંગ સુવિધાઓનો ઉપયોગ કરી શકાય છે. જેની વેબસાઈટ www.Teachertube.com છે.

**4) સ્લાઈડ શેર:**

સ્લાઈડ શેર એ એક વેબસાઈટ છે જેને લિંકઈન (Linked In) દ્વારા તૈયાર કરવામાં આવી છે. જેના પર તેનો ઉપયોગકર્તા સ્લાઈડને અપલોડ કરે છે, સ્લાઈડને જોઈ શકે છે, અને તેને અન્ય લોકોને શેર કરી શકે છે. પ્રેઝન્ટેશન અને ડોક્યુમેન્ટને લગતાં કાર્યોને શેર કરી શકે છે.

મૂળ લેખકની પરવાનગી મેળવીને મૂળ પ્રેઝન્ટેશન ડાઉનલોડ કરી શકાય છે. સ્લાઈડ શેરની વેબસાઇટ www.slideshare.net છે.

**5) વન ડ્રાઈવ:**

વનડ્રાઇવ એ માઇક્રોસોફ્ટ કોર્પોરેશન દ્વારા ઓનલાઇન સ્ટોરેજ માટેની સુવિધા પૂરી પાડે છે. વનડ્રાઇવનો ઉપયોગ કરવા માટે માઇક્રોસોફ્ટ આઈ.ડી. કે એકાઉન્ટનો ઉપયોગ કરવો પડે છે. જેના વડે લોગીન થઇને વનડ્રાઇવમાં ફાઇલ, ફોલ્ડર કે અન્ય ડેટાને સંગ્રહ, એડિટ અને શેર કરી શકાય છે. વનડ્રાઇવ પર વેબસાઇટનો ઉપયોગ કરીને નિઃ શુલ્ક મહત્તમ 10 GB સુધીનો ડેટા કે ફાઇલ્સ સંગ્રહ કરી શકાય છે. વનડ્રાઇવનો ઉપયોગ તેની વેબસાઈટ કમ્પ્યુટરમાં https://onedrive.live.com કે એપ્લિકેશનનો ઉપયોગ કરીને કરી શકીએ છીએ.

**6) ગૂગલ અનુવાદ:**

ગૂગલ અનુવાદ અથવા ગૂગલ ટ્રાન્સલેટ એક અનુવાદક સોફ્ટવેર છે, જે ગૂગલ ઇન્કોર્પોરેશન દ્વારા વિકસિત છે. આ સોફ્ટવેર એક ભાષાના શબ્દ કે ફકરાનો અન્ય બીજી ભાષામાં અનુવાદ કરે છે. વર્તમાન સમયમાં આમાં ગુજરાતીથી અન્ય ભાષાઓમાં તથા અન્ય ભાષાઓમાંથી ગુજરાતીમાં પણ અનુવાદ કરી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ છે. આ માટે ગૂગલ સ્વયં પોતાના અનુવાદક સોફ્ટવેરનો પ્રયોગ કરે છે.

**7) ગૂગલ કલાસરૂમ:**

ગૂગલ ક્લાસરૂમમાં વિદ્યાર્થીઓના અસાઇમેન્ટ, કસોટી, હાજરી, વગેરે જેવી માહિતી સંગ્રહી શકાય છે. ગૂગલ ક્લાસરૂમ દ્વારા અઠવાડિક, એકમ અને વાર્ષિક કસોટી નું આયોજન કરવાની ક્ષમતા હોય છે. તેમાં વિદ્યાર્થીઓ પોતાના પ્રશ્નો સીધા જ શિક્ષકને પૂછી શકે છે અને શિક્ષક દ્વારા જવાબ પણ મેળવી શકે છે. તેનાથી વિદ્યાર્થીઓના પ્રદર્શનનું શિક્ષકને મૂલ્યાંકન કરવું સરળ રહે છે. ગૂગલ ક્લાસરૂમ દ્વારા આપવામાં આવતી સુવિધા મુડલ, એડ્મોડો જેવી કંપનીઓ દ્વારા પણ પુરી પાડવામાં આવે છે.

**8) ઝુમ:**

ઝુમ એપ્લીકેશનની સ્થાપના એરિક યુઆન દ્વારા વર્ષ 2011માં કરવામાં આવી હતી. ઝુમ ક્લાઉડ આધારિત વિડીઓ કોમ્યુનિકેશનનું એક માધ્યમ છે, જેમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જીવંત પ્રસારણ કરી શકાય છે. જેનાથી વેબિનાર, લાઈવ વાતચીત, મોબાઇલ અને કમ્પ્યૂટરની સ્ક્રીનનું શેરીંગ, અને અન્ય બીજી કેટલીક સંકલિત પ્રવ્રુતીઓ કરી શકાય છે. અત્યારે કોરોના મહામારીની પરિસ્થિતિમાં વર્ચ્યુઅલ ક્લાસરૂમનું આયોજન કરવામાં ઝુમ જેવી એપ્લીકેશન્સનો મોટો ફાળો રહ્યો છે.

**10) કહુત:**

કહુત જ્ઞાન સાથે ગમ્મતની માનસિકતાને ધ્યાનમાં લઈને તૈયાર કરવામાં આવેલી એક વેબ એપ્લીકેશન છે. તેમાં બાળકોને રમત સાથે ઓનલાઈન શિક્ષણ આપવામાં આવે છે. શિક્ષક

એમાં પ્રશ્નોતરી અપલોડ કરે છે અને બાળકોને તેના જવાબ આપવાના હોય છે. આ પ્રશ્નોત્તરી અને અન્ય પ્રવૃત્તિઓ બાળકોને કંટાળો ન આવે અને એમના જ્ઞાનમાં પણ વધારો થાય એ રીતે ડિઝાઈન કરવામાં આવે છે. આમાં બાળકોને સાચા જવાબ આપવા બદલ પોઈન્ટ્સ આપવામાં આવે છે.

**11) ક્વોરા:**

ક્વોરા જ્ઞાનની આપલે તેમજ પ્રશ્નો પૂછવાનું અને લોકો સાથે જોડાવા માટેનું પ્લેટફોર્મ છે. વિશ્વમાં જ્ઞાનના પ્રસારણને સરળ બનાવવાના મકસદથી બનાવવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મમાં વિષય અનુસાર અલગ અલગ સમૂહ બનાવવામાં આવ્યા છે જેથી પ્રશ્નોને શોધવા સરળ બને. આમાં વપરાશકર્તાઓ પ્રશ્નો પૂછે છે અને લોકો દ્વારા જવાબ આપવામાં આવે છે.

આમ શૈક્ષણિક કાર્યમાં મદદરૂપ થાય એવા ઘણા ટુલ્સ ઉપલબ્ધ છે જેમાંથી અમુક ટુલ્સ વિષે આપણે ઉપર માહિતી મેળવી. આ બધા ટુલ્સના ઉપયોગથી શૈક્ષણિક કાર્યોમાં કયા કયા ફાયદા થઈ શકે છે એ તરફ આપણે નજર કરીએ.

**વેબ 2.0 ના ટુલ્સના ફાયદા:**

- માહિતીનો પ્રસાર અને પ્રચાર સરળ બને છે. સમાન રુચીવાળા લોકો સાથે જોડાઈ શકાય છે.
- વિદ્યાર્થીઓની હાજરી, કસોટી વગેરે પર આધાર રાખીને સરળતાથી મૂલ્યાંકન કરી શકાય છે.
- વિપરીત પરિસ્થિતિમાં પણ બાળકોનું શિક્ષણ ચાલુ રાખી શકાય છે.
- શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેનું અંતર ઓછું કરી શકાય છે.
- વિદ્યાર્થીઓ ટેકનોલોજીનો ઉપયોગ કરતાં શીખે છે અને એકબીજાનો સહકાર આપતા થાય છે. સંશોધન કાર્યમાં મદદરૂપ સાબિત છે.
- શિક્ષકો પોતાના વિષય વસ્તુના જ્ઞાનમાં વધારો કરી શકે છે તેમજ નવી–નવી શૈક્ષણિક પ્રયુક્તિઓ અપનાવી શકે છે.
- 21મી સદીમાં ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરી રહેલા વિદ્યાર્થીઓ વેબ ટુલ્સનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યા છે.

પરિવર્તન સંસારનો નિયમ છે, શિક્ષણક્ષેત્રે પરિવર્તન આવશ્યક છે અને શિક્ષણના હેતુઓ સિદ્ધ કરવા વેબ 2.0 સાધનો ખૂબ જ ઉપયોગી પુરવાર થઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ, શિક્ષકો કે પછી શિક્ષણક્ષેત્રનો કોઈ પણ વ્યક્તિ વેબ 2.0 સાધનોનો ઉપયોગ કરીને શીખી રહ્યો છે. અને વિશ્વમાં અનુકૂલન કરી રહ્યાં છે, જે ઝડપી, સમય બચાવવા અને વધુ અસરકારક છે. વેબ 2.0 ના સાધનોના ઉપયોગથી વિશ્વમાં શિક્ષણમાં ક્રાંતિ લાવવાની ઘણી સંભાવનાઓ છે.